# 55

## વાહન વ્યવહાર પ્રભાગ માટે નાણાકીય જોગવાઈ

***૧૫/૪/૩૬ શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ** (વાંસદા) : **માનનીય વાહન વ્યવહારમંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) વાહનવ્યવહાર પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ,

(૧) (રૂ. કરોડમાં)

| વર્ષ | જોગવાઈ |
|---|---|
| વર્ષ ૨૦૨૧-૨૨ | ૧૩૩૭.૫૮ |
| વર્ષ ૨૦૨૨-૨૩ | ૧૩૮૫.૯૯ |

(૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જોગવાઇ કરવામાં આવેલ રકમ પૈકી ઉકત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) (રૂ. કરોડમાં)

| વર્ષ | ફાળવેલ રકમ |
|---|---|
| વર્ષ ૨૦૨૧-૨૨ | ૧૨૫૫.૨૫ |
| વર્ષ ૨૦૨૨-૨૩ | ૨૧૦૮.૮૯ |

(૩) ઉકત ફાળવેલ રકમ પૈકી ઉકત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

(૩) (રૂ. કરોડમાં)

| વર્ષ | વપરાયેલ રકમ | વણવપરાયેલ રકમ | કારણો |
|---|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૨૩૦.૨૬ | ૨૪.૯૯ | * પ્લાન હેઠળની ખાલી જગ્યાઓ, કોમ્પ્યુટર/પ્રિન્ટરની ખરીદીમાં ઓછા ચુકવણા કરવાના થતા, પોર્ટાહટની ખરીદી પ્રક્રિયાની મંજુરી પ્રગતિમાં હોય તથા ઇલેકટ્રીક વ્હીકલ ની સબસીડીમાં રજીસ્ટ્રેશનની સામે સબસીડીની ઓછી અરજીઓ રજુ થતા રકમ વણવપરાયેલ રહેવા પામેલ હતી. જે નિયમોનુસાર નાણાકીય વર્ષના અંતે સરન્ડર કરવામાં આવેલ છે.<br>* જીટીએસ કચેરીની ખાલી જગ્યાઓ,કોવિડ-૧૯ના કારણે પ્રોટોકોલ વાહનોના મરામત, પેટ્રોલ/ડીઝલનો ઓછો ખર્ચ તથા એસ.ટીનિગમના ડ્રાઇવરોને પગાર/ઓવર ટાઇમ ભથ્થાની ચુકવણી બાકી રહેવાના કારણે રકમ વણવપરાયેલ રહેવા પામેલ હતી. જે નિયમોનુસાર નાણાકીય વર્ષના અંતે સરન્ડર કરવામાં આવેલ છે.<br>* રોડ સેફ્ટી કચેરી પૂરતું મહેકમ ન ભરાવાને કારણે તેમજ કોરોના |

| | | | |
|---|---|---|---|
| | | | મહામારી ને કારણે પૂરતો પ્રચાર પ્રસાર થયેલ નથી. |
| ૨૦૨૨-૨૩ | ૨૦૯૯.૭૫ | ૯.૧૪ | * પ્લાન હેઠળની જગ્યાઓ ખાલી રહેવાના કારણે, એજન્સીને કરવામાં આવેલ ચુકવણામાંથી પેનલ્ટી વસુલાત, ઓટોમેટેડ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેકનુ ટેન્ડર રદ થતા, કમાન્ડ એન્ડ કંન્ટ્રોલ સેન્ટરની કામગીરી પ્રગતિમાં હોવાથી, બેંક તરફથી હેન્ડ હોલ્ડીંગ મશીનના મેઈન્ટેનન્સના બીલો રજુ કરવામાં ન આવતાં તથા પોર્ટાહટની ખરીદ પ્રક્રિયા પ્રગતિમાં હોવાના કારણે રકમ વણવપરાયેલ રહેવા પામેલ હતી.જે નિયમોનુસાર નાણાકિય વર્ષના અંતે સરન્ડર કરવામાં આવેલ છે.<br>* જીટીએસ કચેરીની ખાલી જગ્યાઓ, કોવિડ-૧૯ ના કારણે પ્રોટોકોલ વાહનોના મરામત, પેટ્રોલ/ડીઝલનો ઓછો ખર્ચ, એસ.ટી નિગમના ડ્રાઈવરોને પગાર/ઓવર ટાઇમ ભથ્થાની ચુકવણી બાકી હોવાથી તથા નવા વાહનોની ખરીદી કરી શકાયેલ ન હોવાને કારણે રકમ વણવપરાયેલ રહેવા પામેલ હતી. જે નિયમોનુસાર નાણાકિય વર્ષના અંતે સરન્ડર કરવામાં આવેલ છે.<br>* રોડ સેફ્ટી કચેરી ગ્રાન્ટ ફાળવણી નિયત સમય માં ન થતાં પ્રચાર પ્રસાર ના કેલેન્ડરનો યોગ્ય સમય માં અમલીકરણ થઈ શકેલ નથી. |

------------------